વંચાણમાં:-

(૧)નિયામક,સમાજ સુરક્ષા ખાતું,ગુજરાત રાજય,ગાંધીનગરના આદેશ નં.અપગ/મકાનભાડું/૩૯૪૯ તા.૦૬/૦૭/૨૦૧૮

(૨)નિયામક,સમાજ સુરક્ષા ખાતું,ગુજરાત રાજય,ગાંધીનગરના આદેશનં.અપગ/મકાનભાડું/૧૦૬૧૬ તા.૧૩/૧૦/૨૦૧૭

નં.સસુખા/CPD/મકાનભાડું/૨૨૯૨/૨૦૧૯-૨૦/ તા:-૨૯/૦૮/૨૦૧૯

# આદેશ

આથી ઉપરોક્ત વંચાણ-(૧) અને (૨)વાળા આ કચેરીના આદેશો ધ્યાને લેતાં આ ખાતા હેઠળની દિવ્યાંગ કલ્યાણક્ષેત્રની સંસ્થાઓને આ આદેશો અન્વયે ગ્રાન્ટ ઇન એઇડના હેતુ સબબ સંસ્થાઓને વ્યાજબી મકાનભાડું ચુકવવા મંજુરી આપવામાં આવી હતી.

આ ખાતા હેઠળ દિવ્યાંગ કલ્યાણ ઉપરાંત ભિક્ષુક કલ્યાણ, બાળ કલ્યાણ અને વૃધ્ધ કલ્યાણક્ષેત્રે કાર્યરત સ્વૈ.સંસ્થાઓના વડા તરફથી મકાન ભાડું આકારવા બાબતે વારંવાર રજુઆતો મળતી હતી, તેથી ખાતાની સર્વે સ્વૈ.સંસ્થાઓમાં ગ્રાન્ટ ઇન એઇડના હેતુ માટે ગ્રાંટ ફાળવણી અને ગ્રાંટ ગણતરી સારૂં સમાનતા આવે તે હેતુથી ઉપરોક્ત વંચાણ-(૧) અને (૨)વાળા આ કચેરીના આદેશો (૧)ભિક્ષુક કલ્યાણ, (૨)બાળ કલ્યાણ અને (૩) વૃધ્ધ કલ્યાણક્ષેત્રે કાર્યરત સ્વૈ.સંસ્થાઓને આ આદેશોના ધોરણે ગ્રાંટ ગણતરીમાં ભાડા આકારણી કરવા માટે મંજુરી આપવામાં આવે છે.

આ આદેશનો અમલ વંચાણ-(૧), અને (૨)ના આદેશની તારીખથી કરવાનો રહેશે.

બિડાણ:- વંચાણ-(૧) અને (૨)ના આદેશ

નિયામક
સમાજ સુરક્ષા ખાતું
ગુજરાત રાજય ,ગાંધીનગર

નકલ રવાના:-

(૧) હિસાબી અધિકારીશ્રી, ઑડિટ શાખા, વડી કચેરી, ગાંધીનગરને જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં.

(૨) ભિક્ષુક કલ્યાણ, બાળ કલ્યાણ અને વૃધ્ધ કલ્યાણક્ષેત્રે કાર્યરત સ્વૈ.સંસ્થાઓના પ્રમુખશ્રી/મંત્રીશ્રી/મેનેજીંગ ટ્રસ્ટીશ્રીઓને જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં

(૩) જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, તમામને તેમના જિલ્લાની સંસ્થાઓને જાણ કરવા સારૂ.

(૪) જિલ્લા બાળ સુરક્ષા અધિકારી, તમામને તેમના જિલ્લાની સંસ્થાઓને જાણ કરવા સારૂ.

(૫) સંબંધિત ફાઇલ

Scanned by CamScanner

વંચાણમાં :-

(૧) નિયામક, સમાજ સુરક્ષા ખાતુ, ગ્રાન્ટ ઇન એઇડ કોડ ૧૯૯૨

(૨) સા.ન્યા.અને અધિ.વિભાગ, ગાંધીનગરનો પત્ર ક્રમાંક:અપગ/૧૦૨૦૧૫/૧૯૭૧૨૨/છ.૧, તા.૧૦/૧૨/૨૦૧૫

(૩) અગ્ર સચિવશ્રી, સા.ન્યા.અને અધિ.વિભાગ, ગાંધીનગર સાથે નિયામકશ્રીની તા.૨૮/૦૯/૨૦૧૭ના રોજ થયેલ રૂબરૂ ચર્ચા

ન/અપંગ/મકાનભાડું/ ૧૦૬૨૬ ગાંધીનગર. તા.૨૩/૧૦/૨૦૧૭

## આદેશ

નિયામક, સમાજ સુરક્ષા ખાતુ, ગુજરાત રાજય, ગાંધીનગર ઉપરોક્ત વંચાણ-૧ માં દર્શાવેલ ગ્રાન્ટ ઇન એઇડ કોડ ૧૯૯૨ની જોગવાઇઓમાં નિયમ-૫૫ ના પેરા-૨(ક)ના સબ પેરા-૧ થી ૪ મુજબ (પાના નં-૪૪,૪૫), વંચાણ-૨માં દર્શાવેલ સા.ન્યા.અને અધિ.વિભાગ, ગાંધીનગરનો પત્ર અને વંચાણ-૩માં દર્શાવ્યા મુજબ અગ્ર સચિવશ્રી, સા.ન્યા.અને અધિ.વિભાગ, ગાંધીનગર સાથે તા.૨૮/૦૯/૨૦૧૭ના રોજ થયેલ રૂબરૂ ચર્ચા ધ્યાને લેતાં વિકલાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત ગ્રાન્ટ ઇન એઇડ સ્વૈ.સંસ્થાઓને નીચેની વિગતો ધ્યાને રાખીને મકાનભાડું ચૂકવવાની મંજુરી આપવાના આદેશ કરે છે.

(૧) જે સંસ્થાઓના બાંધકામ ગ્રાન્ટ ઇન એઇડ કોડ ૧૯૯૨ અમલમાં આવ્યો તે સમયે પૂર્ણ થયેલ હતા તેવી સંસ્થાઓને તેમજ વર્ષ ૨૦૦૦ પહેલા જે સંસ્થાઓના બાંધકામ થયેલ છે તેવી સંસ્થાઓને અગાઉ જે દરે મકાનભાડું ચૂકવાતું હતું તે દરે મકાનભાડું ચૂકવવાની મંજુરી આપવામાં આવે છે અને આ અગાઉ ચૂકવેલ મકાનભાડાથી વધુ મકાનભાડાની રકમ ન ચૂકવાય તે અંગેની કાળજી રાખવાની રહેશે.

(૨) મકાનભાડું ચૂકવવા સંબંધે બાંધકામના સંપૂર્ણ કારપેટ એરીયાને ધ્યાને ન લેતાં સંસ્થામાં હાજર બાળકો માટે કેટલા કારપેટ એરીયાની જરૂર રહેશે તે અંગે કાર્યપાલક ઇજનેરનું પ્રમાણપત્ર મેળવ્યા બાદ મકાનભાડાની ગ્રાન્ટ ચૂકવવાની રહેશે.

(૩) ગ્રાન્ટ ઇન એઇડ કોડ ૧૯૯૨ નિયમ-૫૦(ક) પેજ નં-૩૬ મુજબ જે સંસ્થાઓએ નિયામક, સમાજ સુરક્ષા ખાતાની લેખિત મંજુરી વિના નવા બાધકામ કરેલ હશે તેવી સંસ્થાઓની મકાનભાડાની ગ્રાન્ટ અમાન્ય ગણવાની રહેશે.

(૪) જે સંસ્થાઓના અસાધારણ ભાડું મંજુર થાય તેવા કિસ્સામાં નિયામકશ્રીની મંજુરીથી વ્યાજબી ભાડું ચૂકવવાનું રહેશે.

નિયામક
સમાજ સુરક્ષા ખાતુ,
ગુજરાત રાજય, ગાંધીનગર

નકલ રવાના:-

(૧) હિસાબી અધિકારીશ્રી વર્ગ-૧, હિસાબી શાખા, વડી કચેરી, ગાંધીનગર

(૨) સંબંધિત ફાઇલ (૩) આદેશ ફાઇલ

Desktop/letter



Scanned by CamScanner

વંચાણમાં:-

(૧) નિયામક, સમાજ સુરક્ષા ખાતુ, ગુજરાત રાજય, ગાંધીનગરના આદેશ નં. અપગ/મકાનભાડું /૧૦૬૧૬, તા.૧૩/૧૦/૧૭

નં.અપગ/મકાનભાડુ/ ૭૯૪૯ ગાંધીનગર. તા.૯/૦૭/૨૦૧૮

## આદેશ

નિયામક, સમાજ સુરક્ષા ખાતુ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરે ઉપરોક્ત વંચાણ- ૧ માં દર્શાવેલ આદેશથી વિકલાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત સ્વૈ.સંસ્થાઓને મકાનભાડું ચુકવવા મંજુરી આપવાના આદેશ કરેલ હતા.

ઉપરોક્ત વંચાણ-૧માં દર્શાવેલ આદેશમાં ક્રમ નં-૪માં "જે સંસ્થાઓના અસાધારણ ભાડું મંજુર થાય તેવા કિસ્સામાં નિયામકશ્રીની મંજુરીથી વ્યાજબી ભાડું ચુકવવાનું રહેશે" તેમ જણાવેલ છે.

જે સંસ્થાઓના મકાનભાડા સંસ્થામાં લાભાર્થીઓની સરેરાશ સંખ્યા/ટોચ મર્યાદાના પ્રમાણમાં આર્થિક રીતે હોવા જોઇએ તેના કરતાં વધુ જણાયેલ છે તેવી સંસ્થાઓને મકાનભાડું ચૂકવવા વહીવટી મંજુરી આપી શકાયેલ નથી તેમજ તેવી સંસ્થાઓમાં વ્યાજબી ભાડું ચુકવવાના કિસ્સામાં વ્યાજબી ભાડું કેટલું ચુકવવું તે પ્રશ્ન ઉપસ્થિત થતા નવા સૂચિત ગ્રાન્ટ-ઇન-એઇડ કોડ-૨૦૧૭માં થયેલ જોગવાઇઓ મુજબ નીચેની વિગતે ક્રમ નં.૧ અને ૨ મુજબ સંસ્થાઓના મકાનભાડા ચૂકવવાના બાકી છે તે સંસ્થાઓને વ્યાજબી મકાનભાડું ચૂકવવાના હિસાબી અધિકારીશ્રી, ઓડિટ શાખાને આદેશ કરે છે.

(૧) રહેણાંકીય સંસ્થા માટે અંતેવાસીઓની સરેરાશ હાજરી પ્રમાણે અંતેવાસી દીઠ

| | |
|---|---|
| "અ" વર્ગના શહેર માટે માસિક | રૂ.૩૦૦/- |
| "બ" વર્ગના શહેર માટે માસિક | રૂ.૨૫૦/- |
| "ક"વર્ગના વિસ્તારો માટે માસિક | રૂ.૨૦૦/- |

(૨) દિનશાળા માટે સરેરાશ લાભાર્થીઓની હાજરી મુજબ લાભાર્થી દીઠ

| | |
|---|---|
| "અ" વર્ગના શહેર માટે માસિક | રૂ.૨૦૦/- |
| "બ" વર્ગના શહેર માટે માસિક | રૂ.૧૫૦/- |
| "ક"વર્ગના વિસ્તારો માટે માસિક | રૂ.૧૦૦/- |

"અ" વર્ગ મહાનગરપાલિકા વિસ્તાર;

"બ" વર્ગ શહેરો (નગરપાલિકા વિસ્તાર);

"ક" વર્ગ રાજયના બાકી તમામ નગરો અને ગ્રામીણ વિસ્તારો (નગર પંચાયતો અને પંચાયત વિસ્તારો) નો સમાવેશ કરવાનો રહેશે.

નવો સૂચિત ગ્રાન્ટ-ઇન-એઈડ કોડ-૨૦૧૭ અમલમાં આવતા કોડમાં નક્કી થયેલ મકાનભાડા નિયમો મુજબ સદરહુ ચૂકવેલ મકાનભાડાની રકમ સરભર કરવાની રહેશે.



Scanned by CamScanner

જે સંસ્થાઓને આ અગાઉ ગ્રાન્ટ-ઇન-એઈડ કોડ ૧૯૯૨-૨(ક)(૩) મુજબ મકાનભાડું ચૂકવેલ છે તેવી સંસ્થાઓના મકાનભાડા અંગેના કેસ પુન: ઉખેડવાના રહેશે નહીં.

જે સંસ્થાઓને મકાનભાડું ચૂકવવા વહીવટી મંજુરી મળેલ છે તેવી સંસ્થાઓના કિસ્સામાં જો મકાનભાડાની રકમ જૂના વર્ષોમાં ચૂકવાયેલ રકમ કરતા વધુ ન થતી હોઇ અથવા સંસ્થાનું સ્થળફેર થયેલ ન હોઇ કે સંસ્થાના મકાનમાં કોઇ નવા સુધારા વધારા થયેલ ન હોઇ તો વહીવટી શાખાની પ્રતિ વર્ષે મંજુરી લેવાની જરૂરિયાત રહેતી નથી તેમજ મકાનભાડું ચૂકવવા આપેલ વહીવટી મંજુરી ૧૦ વર્ષ સુધી માન્ય ગણવાની રહેશે.

નિયામક
સમાજ સુરક્ષા ખાતુ,
ગુજરાત રાજય, ગાંધીનગર

નકલ રવાના:

(૧) હિસાબી અધિકારીશ્રી, ઓડિટ શાખા, વડી કચેરી, ગાંધીનગર
(૨) નાયબ નિયામક, અપગ શાખા
(૩) વિકલાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત સર્વે સ્વૈ.સંસ્થાઓના વડાશ્રીઓ
(૪) સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ
(૫) સંબધિત ફાઇલ
(૬) આદેશ ફાઇલ



Scanned by CamScanner